રજીસ્ટર તારીખ ::-૧૦/૧૦/૨૦૨૨
દાખલ તારીખ ::-૧૦/૧૦/૨૦૨૨
ફેસલ તારીખ ::-૧૫/૧૦/૨૦૨૨
સમયગાળો ::- વર્ષ- માસ-દિવસ
૦૦- ૦૦ - ૦૫

**ધ્રાંગધ્રાના મહે.ત્રીજા એડી. સેશન્સ અને સ્પે. પોકસો જજ સાહેબની કોર્ટમાં, મુકામ-ધ્રાંગધ્રા.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૩૬૫/૨૦૨૨**
**આંક-**

અરજદાર/ આરોપી ::- કારાભાઈ બાબુભાઈ કેવર,
ઉ.વ. આ. ૩૫, ધંધો-મજુરી,
રહે. ગામ વાડા, તા. અંજાર,
જી.કચ્છ (ભુજ ).

**-:: વિરુઘ્ધ ::-**

સામાવાળા ::- ૧ શ્રી સરકાર.
૨. અકબરભાઈ સીદ્દીકભાઈ કેવર,
રહે. ગામ વાડા, તા. અંજાર,
જી.કચ્છ (ભુજ ).

**બાબત:-** ક્રિ.પ્રો.કો.ક.-૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન અરજી.

અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી પી.એફ.લકુમ.
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટ.

**// ચુ કા દો //**

**૧.** આ કામના આરોપી કારાભાઈ બાબુભાઈ કેવર નાઓની ધ્રાંગધ્રા તાલુકા પ્રો. સ્ટે.ગુ. ર. નં. ૧૧ ૨૧૧૦૧૬૨૧૦૪૩૭/૨૦૨૧ ભારતીય દંડ સહીતાની કલમ ૩૭૬ (૨)(એન), ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ ૪, મુજબ ગુનામાં તારીખ ૩૦/૦૭/૨૦૨૧ ના રોજ અટક કરવામાં આવેલી અને જયુડી.

કસ્ટડીમાં મોકલી આપેલો છે ત્યારથી આરોપી જયુડી.કસ્ટડીમાં ચાલી આવેલ છે. ત્યાર બાદ આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ થતા તપાસ કરનાર પોલીસ અધિકારીએ અત્રેની કોર્ટમાં આરોપી સામેના ગુનાનુ ચાર્જશીટ રજુ કરી દીધેલ છે જેનો પોકસો કેસ નંબર ૭૧/૨૦૨૨ થી રજીસ્ટર થયેલો છે જે અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે. ત્યારબાદ હાલના આરોપીએ ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન મેળવવા ફો.પ.અ.નં.૭૬૯/૨૦૨૧ ની  દાખલ કરી રેગ્યુલર જામીન અરજી કરેલી જે જામીન અરજી ગુણદોષ ઉપર નામંજુર  થયેલી ત્યારબાદ આરોપીએ નામદાર  ગુજરાત હાઈકોર્ટમાં ફોજદારી પ. અ. નબર ૨૧૮૦૬/૨૦૨૧  ની દાખલ કરેલી જે આરોપીએ આ કામના ફરીયાદી અને ભોગબનનારનો પુરાવો લીધા બાદ ફરીથી જામીન અરજી કરવાની શરતે વિડ્રો કરેલી. ત્યારબાદ આરોપી સામેના ગુનાની ટ્રાયલ પુરાવા ઉપર હોય અને તેમાં ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદી અને ભોગબનનારની જુબાની પુર્ણ થયેલ છે  જેથી ફરીયાદીની અને ભોગબનનારની જુબાની પુર્ણ થયા બાદ નવા સંજોગો ઉભા થયેલા હોવાનુ કારણ દર્શાવી આરોપીએ હાલની ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા જામીન અરજી દાખલ કરેલી છે.

**૨.** આરોપીની રેગ્યુલર જામીન અરજી અન્વયે સામાવાળા/ફરીયાદીને સમન્સ કરતા વિદ્વાન એ.પી. પી.શ્રી વી.એચ.ભટ્ટ. હાજર થયેલ છે અને આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની એફીડેવીટ આંક–૫ થી રજુ કરી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા માંગણી કરેલ છે. તદૃ ઉપરાંત સી.આર.પી.સી.ની કલમ ૪૩૯–એ ની સુધારેલ જોગવાઈ અન્વયે ફરીયાદી અને ભોગબનનારને સમન્સ કાઢતા તેઓએ કોર્ટમાં રુબરુ હાજર રહી માર્ક ૭/૧  તથા ૭/૨ થી સોગંદનામુ રજુ કરી ફરીયાદી તથા ભોગબનનારે આ કામના આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓને કોઈ વાંધો કે હરકત નથી તે મતલબની હકીકત જાહેર કરેલ છે.

**૩.** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી પી.એફ. લકુમ ની તથા ફરીયાદપક્ષે એ.પી. પી.શ્રી વિદ્વાન વકીલ શ્રી વી.એચ.ભટ્ટની વિગતવારની દલીલો સાંભળવામાં આવી.

**૪.** અરજદાર/ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીપી.એફ. લકુમ ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામની ફરીયાદમાં અરજદાર સામે જે આક્ષેપ કરવામાં આવેલ છે તે તદૃન ખોટા અને ઉપજાવી

કાઢેલા છે અરજદારે ફરીયાદ મુજબનો કોઈ ગુનો કરેલો નથી, પરંતુ ફરીયાદી દ્વારા હાલના આરોપીને ગંભીર ગુનામાં સંડોવી દેવાના બદ ઈરાદે ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ ન હોવા છતા ખોટી ફરીયાદ દાખલ કરી હાલના આરોપીને સંડોવી દીધેલા છે. વધુમાં અરજદાર/ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી પી.એફ. લકુમ ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આક્ષેપિત ગુનાની તપાસ પુર્ણ થયા બાદ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ થયેલ છે અને પોકસો કેસ નં. ૭૧/૨૦૨૨ ના કામે ફરીયાદી તથા ભોગ બનનારનો પુરાવો પણ લેવામાં આવેલ છે જેમાં ફરીયાદી અને ભોગબનનાર ધ્વારા આક્ષેપિત ગુનાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી. વધુમાં અરજદાર/ આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી પી.એફ. લકુમ ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર સ્થાનીક રહીશ છે કયાંય નાશી ભાગી જાય તેમ નથી તેમજ અરજદારનો ગુનાહીત ભુતકાળ નથી જેથી આરોપીને શરતોને આધિન યોગ્ય રકમના રેગ્યુલર જામીન મુકત કરવા માંગણી કરેલી છે. તદૃઉપરાંત સદર કામે ફરીયાદી તથા ભોગબનનારે માર્ક ૭/૧ તથા ૭/૨ થી સોગંદનામુ રજુ કરેલ છે અને આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો વાંધો નથી તેવી જાહેરાત કરેલ છે.

**૫.** ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે,આ કામના આરોપી સામે નામજોગ ફરીયાદ દાખલ થયેલી છે. વધુમાં ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી ભટ્ટ ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી સામે પોકસો અને બળાત્કાર જેવા ગંભીર ગુનાની ટ્રાયલ પેન્ડીંગ છે તેથી ટ્રાયલ દરમ્યાન આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડા થવાની શકયતા છે. વધુમાં ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટ દાખલ થયા બાદ અત્રેની કોર્ટમાં ફો. પ. અ.નં. ૭૬૯/૨૦૨૧ની દાખલ કરી રેગ્યુલર જામીન મેળવવા અરજી કરેલી જે જામીન અરજી તા.૨૪/૦૯/૨૦૨૧ ના રોજ ગુણદોષ ઉપર નામંજુર કરેલી છે અને ત્યાર બાદ આરોપીએ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફો.પ.અ. નં. ૨૧૮૦૬/૨૦૨૧ ની કરેલી જે પાછી ખેચેલ છે. હાલ આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર હોવાથી આરોપી સામેના ગુનાના કેસના સંજોગો બદલાયેલા ગણી કે માની શકાય નહી જેથી આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

**૬.** બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓ ધ્વારા રકર્ડ ઉપર કરવામાં આવેલ દલીલો તથા આ કેસની તપાસ કરનાર અમલદારની આંક–૦૫ ની એફીડેવીટ તથા મુળ ફરીયાદી તથા ભોગબનનારે અરજીની

સુનાવણી વખતે હાજર રહી આરોપીની જામીન અરજી મંજુર કરવા સામે વાંધો કે હરકત નથી તેવી માર્ક ૭/૧ તથા ૭/૨ થી રજુ થયેલ સોગંદનામુ તેમજ અન્ય પોલીસ પેપર્સ ની વિગતો વંચાણે લીધી. હવે એ હકીકત નિર્વિવાદ છે કે આ કામે ફરીયાદી તથા ભોગબનનારનો મૌખિક પુરાવો લેવામાં આવેલ છે અને તે મૌખિક પુરાવા દરમયાન ફરીયાદી તથા ભોગબનનારે આક્ષેપિત ગુનાની હકીકતને સમર્થન આપેલ નથી જેથી ફરીયાદી અને ભોગબનનારનો મોખિક પુરાવો પુર્ણ થયા બાદ આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેલી નથી તેવી આરોપીના વિ.વ.શ્રી પી.એફ. લકુમ ની દલીલ કોઈપણ રીતે ગ્રાહય રાખવા પાત્ર છે.

૭. વધુમાં આરોપી તરફે વિ. વ.શ્રી પી.એફ. લકુમ ધ્વારા દલીલ કરવામાં આવી છે કે, આ કામના ફરીયાદી તથા ભોગબનનારે કોર્ટ સમક્ષ હાજર રહી માર્ક ૭/૧ તથા ૭/૨ થી રજુ થયેલ સોગંદનામુ આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓને વાંધો કે તકરાર નથી જેથી ટ્રાયલ ચાલતા દરમ્યાન આરોપીને લાંબા સમય સુધી જયુડી. કસ્ટડીમાં રાખવાના બદલે આરોપીને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની આરોપી ના વિ.વ.શ્રી પી.એફ. લકુમ ની દલીલ ગ્રાહય રાખવા પાત્ર હોવાનુ જણાય છે.

૮. ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ આ કામે આરોપીની અગાઉની રેગ્યુલર જામીન અરજીઓ અત્રેની કોર્ટ ધ્વારા ગુણદોષ ઉપર નામંજુર કરવામાં આવેલ છે ત્યારે આરોપીને ફરીથી જામીન અરજી કરવા માટે કોઈ વ્યાજબી કારણ ઉદભવેલ હોય અગર તો સંજોગો બદલાયેલા હોય તેવુ માની શકાય નહી, પરંતુ પોકસો કેસ નં. ૭૧/૨૦૨૨ નુ રેકર્ડ તપાસતા આ કામે ફરીયાદી તથા ભોગબનનારની જુબાની પુર્ણ થઈ ગયેલી છે તેમજ ફરીયાદી તથા ભોગબનનારે આ કામે માર્ક ૭/૧ તથા ૭/૨ થી સોગંદનામુ રજુ કરી આરોપીને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવે તો વાંધો કે હરકત નથી તેવી જાહેરાત કરેલી છે, તેવા સંજોગોમા આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવાની વિ. એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટની દલીલ માનવા લાયક હોવાનુ જણાતુ નથી.

૯. આમ ઉપર જણાવેલ ચર્ચાએ આ કામે ફરીયાદી તથા ભોગબનનારનો મૌખિક પુરાવો પુર્ણ થયેલ છે તથા મુળ ફરીયાદી તથા ભોગબનનારે માર્ક ૭/૧ તથા ૭/૨ થી રજુ થયેલ સોગંદનામુ રજુ કરી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો વાંધો કે હરકત નથી તેવી રેકર્ડ ઉપર જાહેરાત

કરેલ છે તે ધ્યાને લેતા ક્રિ. પ્રો. કો. ક.–૪૩૯ અન્વયે મળેલ વિવેકાધીન સતાનો ઉપયોગ કરી આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવાનુ ન્યાયી અને ઉચિત જણાતુ હોય, જેથી આરોપી ની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી હું નીચે મુજબનો હુકમ કરુ છું.

**:: હુ ક મ ::**

અરજદાર–કારાભાઈ બાબુભાઈ કેવર, રહે. ગામ વાડા, તા. અંજાર,જી.કચ્છ (ભુજ ) નાઓને ધ્રાંગધ્રા તાલુકા પ્રો. સ્ટે.ગુ. ર. નં. ૧૧૨૧૧૦૧૬૨૧૦૪૩૭/૨૦૨૧ ભારતીય દંડ સહીતાની કલમ ૩૭૬ (૨)(એન), ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ ૪, મુજબના ગુનાના કામે અરજદાર–આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરાના) જામીન તથા તેટલી રકમનો જાત મુચરકો અત્રેની કોર્ટ સમક્ષ રજુ કર્યેથી તેમને નીચેની શરતોને આધીન ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન ઊપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u>**

૧.. અરજદાર–આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષી–પુરાવા સાથે કોઈપણ રીતે ચેડા કરવા નહી કે સાહેદોને ધાક–ધમકી આપવી નહી કે આવા પ્રકારના ગુન્હાનું પુનરાવર્તન કરવું નહી.

૨.. અરજદાર–આરોપીએ ટ્રાયલ દરમિયાન અદાલત સમક્ષ નિયમિતપણે હાજર રહેવાનું રહેશે.

૩.. અરજદાર–આરોપીએ આ અદાલતની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ્ધ છોડવી નહી.

૪.. અરજદાર–આરોપીએ જામીન ઊપર મુકત થયા બાદ દિન–સાતમા પોતાના કાયમી રહેઠાણનું સરનામુ તેમજ પોતાનો મોબાઈલ નંબર અને લેન્ડલાઈન નંબર સંબંધીત મેજીસ્ટ્રેટ કોર્ટ અને સંબંધીત પોલીસ સ્ટેશન સમક્ષ આધારભૂત પુરાવા સાથે રજુ કરવાના રહેશે અને તેમાં આ અદાલતની પુર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહી.

૫.. અરજદાર–આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઊપર મુકત થયા પછી પાસપોર્ટ સંબંધીત મેજીસ્ટ્રેટ કોર્ટમાં દિન–૭ માં જમા કરાવવાનો રહેશે અને જો પાસપોર્ટ ન હોય તો તે ન હોવા બદલનું સોગંદનામુ દિન–૭ માં રજુ કરવાનું રહેશે.

૬.. આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

૭.. આ શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર–આરોપીના જામીન આપોઆપ રદબાતલ થયેલા ગણાશે.

હુકમ મુજબ જરુરી યાદી કરવી.

ચુકાદો આજ તારીખ ૧૫મી માહે–ઓકટોબર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૫/૧૦/૨૦૨૨

**(ગિરીશકુમાર દેવરાજ પાસી)**
યુ.આઈ.સી.–જી.જે.૦૦૫૦૭
૩ જા એડી.સ્પે. સેશન્સ જજ
ધ્રાંગધ્રા.